

## નદી નિહાળવા લોકો ટોળે વળ્યા

# રાજયના ૧૪૧ તાલુકામાં વરસાદ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત પરથી લો પ્રેશર સીસ્ટમ ફંટાતા રાજયમાં વરસાદનું જોર ઘટવા પામ્યું છે. મોટા ભાગના વિસ્તારોમાં મેઘરાજાએ ખમૈયા કર્યા છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૪૧ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સાબરકાંઠા, જિલ્લાના પોશીનામાં ૨૧૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

રાજય પુર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પૂરા થતાં છેલા ૨૪ કલાક દરમિયાન રાજયમાં થયેલ વરસાદના આંકડા આ પ્રમાણે છે જેમાં બનાસકાંઠા જિલ્લાના દીઓદરમાં ૧૩૦ મી.મી., અમીરગઢમાં ૯૫ મી.મી., સાબરકાંઠા જિલ્લાના પોશીનામાં ૨૧૧ મી.મી, ઈડરમાં ૧૨૧ મી.મી., વડાલીમાં ૧૦૦ મી.મી. ખેડબ્રહ્માામાં ૮૦ મી.મી. વીજયનગરમાં ૭૪ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

જયારે અરવલ્લી જિલ્લાના ભિલોડામાં ૮૬ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજયના બાકીના તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે જયારે અન્ય કેટલાક તાલુકાઓમાં મેઘરાજાએ વિરામ લીધો છે.



નદી નિહાળવા ટોળે વળ્યા લોક : સાબરમતિ નદી બે કાંઠે વહેતા પ્રજાજનોનો ભારે ઉલ્લાસની લાગણી પ્રગટી છે. સાબરમતિ પરના તમામ પૂલ પર ટોળે ટોળાં નદીને નિહાળવા ઉમટ્યા હતા. ઉત્સુક્તાપૂર્વક ધસમસતા સાબરના પાણીને શબ્દોથી અને ફૂલડેથી વધાવતા હતા.

# અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી યુધ્ધના ધોરણે

ગાંધીનગર, તા.૩૦

રાજયમાં મેઘરાજાએ ખમૈયા કરતાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે રાહત બચાવ કામગીરી સાથે સહાય ચૂકવવાની શરૂઆત કરી દીધી છે. રાજય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા ત્રણ દિવસ દરમિયાન રાજયના બનાસકાંઠા, કચ્છ, પાટણમાં મેઘરાજાએ તાંડવ સર્જાતા અસંખ્ય લોકો અસરગ્રસ્ત બન્યા હતા.

આજથી વરસાદનું જોર ઘટતાં અને ખમૈયા કરતા અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણી ઓસરવા લાગતાં રાહત કામગીરીમાં ઝડપ આવવા પામી છે. પાણી ઓસરતાં જ સ્થળાંતર થયેલા લોકો પોતાના ઘરે પરત ફરી રહ્યા છે.

વરસાદ રહેતા જ અતિવૃષ્ટી ગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા તંત્ર દ્વારા અસરગ્રસ્ત લોકોને કેશડોલ્સ સહીતની રાહત સહાય આપવાની કામગીરી શરૂ કરી દીધી છે અને એક બે દિવસમાં જ વરસાદને કારણે ધરાશયી કાચા મકાનો, પાકા મકાનો, ઝુંપડાઓને થયેલ નુકસાની અંગેનો સર્વે કરીને મકાન અને ઘરવખરી સહાય આપવાની પણ શરુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારે જિલ્લા તંત્રોને શકય તેટલી ઝડપે અસરગ્રસ્તોને સહાયો ચૂકવી આપવા માટેની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળે છે.

# સેક્ટરોમાં વરસાદી પાણીનો ભરાવો રોકવા ગટરોમાં જાળી નાખવાની જાગૃત નાગરિક પરિષદની માગણી

ગાંધીનગરમાં સેક્ટર ૧થી ૩૦ સુધી અંદરના રસ્તાઓમાં તથા કૉમન પ્લોટોમાં પડેલા ખાડાઓમાં ભરાયેલાં વરસાદી પાણીના લીધે શહેર જાગૃત નાગરિક પરિષદ રોગચાળાનો ભય વ્યક્ત કર્યો છે. વિવિધ સ્થળે ગટરો પર જાળી નાખવાની માગણી કરીને પરિષદે જણાવ્યું છે કે, સેક્ટરોમાં આંતરિક રસ્તાઓ પર ગટરો ઊભરાઈ રહી છે અને મચ્છરોનો ત્રાસ વધી ગયો છે અને સામા પક્ષે આરોગ્યતંત્ર નિષ્ક્રિય છે.

પરિષદના મંત્રી જે.જે. ત્રિવેદીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, હાલમાં સતત પાંચેક દિવસ જારી રહેલા વરસાદના વાતાવરણમાં સેક્ટર ૧થી ૩૦ સુધીના અંદરના અને બહારના રસ્તાઓ પર તથા કૉમન પ્લોટોમાં વરસાદી પાણી ભરાયાં છે પરંતુ સત્તાવાળાઓ તે અંગે કોઈ પગલાં લેતા નથી. ઠેરઠેર ભરાયેલાં પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ ખૂબ જ વધી ગયો છે અને તેના લીધે રોગચાળાનો ભય પણ લોકો પર તોળાઈ રહ્યો છે.

# અરવલ્લી જિલ્લાની સિવિલ માટે બજેટમાં રૂપિયા બે કરોડની પ્રાથમિક જોગવાઈ

મોડાસા, તા. ૩૦

નવરચિત અરવલ્લી જિલ્લાના પ્રજાજનો માટે આરોગ્ય વિષયક સેવાઓ બહેતર બનાવવા સિવિલ હોસ્પિટલ માટે મોડાસાના બાજકોટ સીમના સર્વે નંબર ૯૪ની સાડા બાર એકર જમીન ફળવાતા આગામી સમયમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા અદ્યતન સુવિધા સજ્જ હોસ્પિટલ તૈયાર કરાશે.

અરવલ્લી જિલ્લામાં શરૂઆતથી આરોગ્ય વિષયક સેવાઓ પરત્વે સરકારી તંત્ર દુર્લક્ષતા સેવી રહ્યું હોવાના પ્રજામત વચ્ચે ડૉ. રસીકલાલ શાહ સેવાસંઘ સંચાલીત સાર્વજનિક હોસ્પિટલની સેવાઓ પુરી પડાતી હતી. જિલ્લાની રચના સાથે જિલ્લામાં સિવિલ હોસ્પિટલની માંગ ઉઠી હતી. વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં પણ જિલ્લામાં સિવિલ હોસ્પિટલની સુવિધા માટે રૂપિયા બે કરોડ ફળવાયા હતા. ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા બાજકોટ ગામની સીમના સર્વે નંબર-૯૪ની સાડાબાર એકર જમીન સિવિલ હૉસ્પિટલ માટે મંજુર કરાતાં જિલ્લાવાસીઓમાં રાહત ફેલાઈ હતી. સિવિલ હૉસ્પિટલ ઉભી કરવાની તાત્કાલિક મુખ્યમંત્રી દ્વારા જાહેરાત કરાયેલી છે.

આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ જગા ફાળવણી થતાં સ્થળે અદ્યતન જિલ્લાકક્ષાની સિવિલ હોસ્પિટલ તૈયાર કરાશે જેમાં ૩૦૦થી વધુ બેડ, ટ્રોમા સેન્ટર, ક્ષય નિવારણ કેન્દ્ર, નર્સીંગ ટ્રેનીંગ સેન્ટર અને વિવિધ રોગોના નિણાત તબીબો સહિતના મહેકમ સાથેની સિવિલ હોસ્પિટલથી જિલ્લાવાસીઓને આરોગ્ય વિષયક સેવાઓ પુરી પડાશે.

### શહેર કોંગ્રેસ પ્રમુખ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.

પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા કરાયેલ ભલામણોને આધારે એ.આઈ.સી.સી. દ્વારા નવી નિમણુંકો આજે જાહેર કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા સમિતિના પ્રમુખ તરીકે શ્રી સૂર્યસિંહ ડાભીની પ્રથમ રાઉન્ડમાં નિમણુંક બાદ આજે બીજા તબક્કામાં ડૉ. કૌશિક શાહની શહેર પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી છે.

આગામી દિવસોમાં શહેર અને જિલ્લા એકમોમાં પણ નવા હોદ્દેદારોની નિયુક્તી કરવામાં આવશે. કોંગ્રેસ પક્ષ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા હાથ ધરાયેલ "નવસર્જન" હેઠળ સંગઠ્ઠનમાં ફેરફારો હાથ ધરવામાં આવી રહ્યા છે.

### પીઠ થાબડી કહ્યું...

● ત્રીજા પાનાનું ચાલુ

ચલાવનાર ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરૂણભાઈ બુચને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો કે તે સમયે કોઈ કારણસર અરૂણભાઈ ડૉ. કલામને મળી શક્યા ન હતા.

પરંતુ ૨૦૦૪માં ડૉ. કલામ ફરીથી જ્યારે અક્ષરધામની મુલાકાત માટે ગાંધીનગર આવ્યા ત્યારે ડૉ. કલામે અરૂણભાઈ બુચને મળવા માટે ખાસ અમદાવાદ એરપોર્ટ પર બોલાવ્યા હતા. દસેક મિનિટની મુલાકાત સમયે ડૉ. કલામે અરૂણભાઈ બુચ અને તેમની સંસ્થા દ્વારા ચલાવાતી પક્ષી પરબ સહિતની વિવિધ પ્રવૃત્તિઓ અંગે જાણકારી મેળવી હતી અને અરૂણભાઈ બુચની પીઠ થાબડી કહ્યુ હતુ કે 'થકના મત'' તમે જે પ્રવૃતિ ચલાવો છો તેને હંમેશા આગળ ધપાવતા રહેજો. ડૉ. કલામે જ્યારે આ દુનિયામાંથી વિદાય લીધી છે અને તેમને સુપુર્દે-ખાક કરવામાં આવ્યા છે ત્યારે ગાંધીનગરના શ્રી અરૂણભાઈ બુચે તેમની સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા.

### મેકઅપ ઉતરી ગયો...

● બીજા પાનાનું ચાલુ

કરવામાં આવ્યુ છે. જેના પરિણામે શહેરનુ રોડનેટવર્ક ચકાચક કરી દેવામાં આવ્યુ હતુ. શહેરના રસ્તાઓના બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ વરસાદી હેલીના અંતે શહેરના માર્ગો પરનો મેકઓવર ઉતરી ગયો છે.શહેરના મુખ્ય માર્ગો પર ડામરની કાંકરીઓ ખરતા રસ્તાઓની હાલત કફોડી બની છે. હાલ વરસાદે વિરામ લેતા રસ્તાઓ પર ડામરની કાંકરીઓ ઉડતા વાહનચાલકો પણ પરેશાન થઈ ગયા છે. શહેરના ઘ માર્ગની દશા બેઠી છે. આ મુખ્ય માર્ગના નવિનીકરણને ૪ વર્ષનો સમય વીતી ગયો છે. જયારે આમ પણ ઘ માર્ગની હાલત બિસ્માર બની હતી જયારે સતત ટપકતા વરસાદી પાણીના લીધે માર્ગનુ સદંતર ધોવાણ થયુ છે. આવી જ હાલત છ માર્ગની થઈ છે. છ-૫ છ-૬ વચ્ચેનો રસ્તો સાવ ખરાબ થઈ ગયો છે. સેકટરોના આંતરિક માર્ગોપણ વરસાદમાં ધોવાતા ખરબતડા બની ગયા છે. આગામી દિવસોમાં તંત્ર દ્વારા વરસાદથી નગરના માર્ગોને થયેલા નુકશાનનો તાગ મેળવવા સર્વે પણ હાથ ધરવામાં આવશે.

### સાઈકલની ચેઇન...

● બીજા પાનાનું ચાલુ

સાયકલની ચેઈન ખરીદવામાં મોડી રાત્રિની મનાલી તરફની છેલ્લી વોલ્વો બસનો સમય થઈ ગયો અને આ બસ ઉપડી ગઈ. છેવટે પેલા મિત્રએ તેમની કાર દોડાવી અને દિલ્હીથી દૂર થોડાક અંતરે આ બસને ટ્રેસ કરી ત્યાં પહોંચી ગયા. બસને ઉભી રખાવી ડ્રાઈવરને તમામ હકીકત સમજાવી અને ચેઈન પહોંચાડવા વિનંતી કરી હતી. અંતે, આ સાયકલ ચેઈન છેલ્લી વોલ્વો બસ દ્વારા મનાલી સુધી પહોંચી હતી. આવતીકાલે આ ચેઈનના સહારે આલોક બ્રહ્મભટ્ટ લેહ તરફ જવા પ્રયાણ કરશે.

### આખરે ફાંસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા હતા. આ બ્લાસ્ટમાં ૨૫૦થી વધારે લોકોના મોત થયા હતા અને ૭૧૩ લોકો ઘાયલ થયા હતા. આ ત્રાસવાદી હુમલાને ડોન દાઉદે પોતાના સાથી ટાઈગર મેણણની સાથે મળીને અંજામ આપ્યા હતા. આજે યાકુબને નાગપુર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવાની સાથે જ આ સંબંધમાં ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવી ગયો હતો. યાકુબ મેમણની ફાંસીથી બચવા માટેની છેલ્લી અરજી પણ સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે તેના દ્વારા દાખલ કરવામાં આવેલી ક્યુરેટિવ અરજીને ફગાવી દીધી હતી.આ હુમલા કેસમાં આતંકવાદ વિરોધી અદાલતે ૧૦૦ લોકોને અપરાધી ઠેરવ્યા હતા. પ્રોફેશનથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રહેલા મેમણ નાગપુર સેન્ટ્રલ જેલમાં હતો. ૫૩ વર્ષીય મેમણની દયાની અરજીનો રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આ વર્ષે એપ્રિલ મહિનામાં ફગાવી દીધી હતી જ્યારે તેની બીજી સમીક્ષા અરજી સુપ્રીમ સમક્ષ આવી હતી.

૨૨ વર્ષ જુના મુંબઈ બ્લાસ્ટ કેસમાં કોઈ આરોપીને પ્રથમ વખત ફાંસી આપી દેવામાં આવી છે. મહારાષ્ટ્રની રાજ્ય સરકાર તરફથી યાકુબ મેમણના પરિવારના સભ્યોને ફાંસીની તારીખ અંગે જાણ કરી દેવામાં આવી હતી.


**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188

**VEHICLES FOR SALE**

Following Gujarat State Petronet Limited Vehicles are for Sale on as and where basis

| Sr. No | Details of Vehicle | Type of Vehicle | Year of Purchase | Minimum Base Value |
|---|---|---|---|---|
| 1 | GJ-18A-6062 | Toyota Qualis (GS)-C3 | 2001 | 1,25,000 |
| 2 | GJ-18AB-8971 | Tavera SS-D1-8 | 2007 | 3,00,000 |
| 3 | GJ-18AC-6724 | Innova 2.5L V | 2006 | 4,00,000 |
| 4 | GJ-06KX-8912 | Tata MOBILE- 207 DI-EX | 2011 | 75,000 |
| 5 | GJ-18AK-3693 | Hero Honda | 2010 | 16,000 |
| 6 | GJ-18D-2426 | LML STAR X Press | 1999 | 2,000 |
| 7 | GJ-18X-4586 | Tata MOBILE- 207 DI-EX | 2007 | 50,000 |

Interested parties may inspect the vehicles at the parking space of GSPL Bhawan, E-18, Electronic Estate, Nr. K-7 Circle, GIDC, Sector-26, Gandhinagar-382028 on any working day during 11:00 AM to 05:00 PM. The offers for purchase of vehicle/vehicles may be submitted in a sealed cover with Earnest Money Deposit of Rs. 5000/- (Five Thousand Only) for LMVs and Rs. 1000/- (One Thousand Only) for Bike/Scooter by Demand Draft for each vehicle in favour of Gujarat State Petronet Limited payable at Gandhinagar at following address latest by 5:00 PM on or before 07/08/2015. Bidders should quote value which is higher to the Minimum Base Value mentioned in the table. The bidders are requested to mention "Offer for Purchase of Vehicle" on top of the sealed cover for identification.

The company reserves its right to reject any or all the offers without assigning any reason.

The Executive Director (HR & Admin), Gujarat State Petronet Limited,
E-18, Electronic Estate, Nr. K-7 Circle, GIDC, Sector-26, Gandhinagar-382028.


### રોગચાળાનો ભય

● અનુસંધાન પહેલાનું ચાલુ

જરુરી માર્ગદર્શન માટે તાત્કાલિક ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી અથવા જિલ્લા પંચાયતના કૃષિ વિભાગનો સંપર્ક કરવો.

દરમિયાન મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૪ દિવસમાં ૧૮ ઈંચ કરતાં વધુ વરસાદ થયો છે જેને કારણે પાણી ભરાઈ રહેવાની પરિસ્થિતિ પણ કેટલાક વિસ્તારોમાં ઉભી થઈ છે.

ખેડૂતોના કહેવા પ્રમાણે ચાર જ દિવસમાં સિઝનની સરેરાશના ૫૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત જે પવન ફુંકાયો હતો તેનાથી નાના છોડ ઘણા બધા વિસ્તારોમાં પડી જવા પણ પામ્યા છે.

જિલ્લામાં જો કે આ વખતની હેલીને કારણે જમીનમાં ભેજ તત્વ સારૂ એવું જામ્યું છે એટલે ઉગાવો સારો મળશે. હજુ ખેડૂતો દ્વારા દિવેલાનું વાવેતર થયું નથી અને તેથી ખેડૂતોને દિવેલાના પાકમાં સારૂ વાતાવરણ મળી રહેશે.

જિલ્લામાં સારા વરસાદ ઉપરાંત ધરોઈમાંથી પાણી છોડવાને કારણે તેમજ ત્રણ નદીઓમાં પૂરની સ્થિતિને લઈ ભૂતળના જળસ્તર સારા એવા ઉંચા આવશે. તેનો સીધો લાભ ખેતીને થશે.

### ગામોમાં નુકસાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાચા મકાનો પણ પડી જવાની ઘટનાઓ બની છે. જો કે સર્વેલન્સની કામગીરી એકાદ સપ્તાહમાં પૂર્ણ થયેથી આખુ ચિત્ર સ્પષ્ટ થશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં એક માનવ મૃત્યુ કલોલ તાલુકામાં થયુ છે. જ્યારે પશુઓની જાનહાનિમાં ૪ પશુ માણસા તાલુકામાં અને દહેગામ, કલોલ ગાંધીનગરમાં એક એક પશુનુ મૃત્યુ નોંધાયુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં સર્વેલન્સની કામગીરી માટે ૩૦થી વધુ ટીમો કાર્યરત કરવામાં આવી છે. દરમ્યાન તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના તમામ ગામોમાં વીજપુરવઠો પુનઃ પ્રસ્થાપિત કરી દેવામાં આવ્યો છે. વૃક્ષોને હટાવવાની કામગીરી પણ આગામી બે દિવસમાં સંપૂર્ણ રીતે પૂર્ણ થઈ જશે તેવા સંકેતો તંત્રના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

વિગતવાર અહેવાલ તૈયાર કરી સરકારને આગામી સપ્તાહમાં મોકલવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

### ૧૭ કરોડ વધુ મળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમ તો ગાંધીનગર શહેરના પ્લોટોની બીજીવાર યોજાયેલ હરાજીમાં ૬૦ કરોડની આવક સરકારને થયાના અંદાજો છે. ઈ. હરાજીની વિગતો અંગે તંત્ર દ્વારા

### વધુ સારો વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓગષ્ટ તા. ૧૦ સુધીમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના ભાગો તેમજ દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદની વકી રહે. ચોમાસાના મધ્યમાં ઉભા કૃષિ મોલ માટે વરસાદ સારો ગણાતો હોય છે પણ આશ્લેશા નક્ષત્ર અતિભારે વરસાદ થતો રહેતો હોય છે. એટલે ત્રીજી-ચોથી ઓગષ્ટમાં જોરાવર વરસાદ પડશે તો આશ્લેશા નક્ષત્રમાં ભારે વરસાદ થઈ શકે. જેના લીધે ગુજરાત સૌરાષ્ટ્રના બંધોમાં પાણીનો આવરો સારો આવી શકે. ચોમાસામાં આશ્લેશા નક્ષત્રના પાણીનો વરસાદ જોરદાર હોવાથી ભાલ જેવા વિસ્તારોમાં ઘઉંના વાવેતર માટે ભેજનું પ્રમાણ જળવાઈ રહે. પરંતુ આશ્લેશા નક્ષત્રનું પાણી સારૂ ગણાતુ નથી. વધુ વરસાદથી કૃષિ પાકો સડો-રોગ આવવાની શક્યતા રહેતી હોય છે. એટલે વરાપ થયે આંતરખેડ તેમજ કૃષિકાર્યો કરવા સારા, વળી આશ્લેસા નક્ષત્રમાં સર્પ જેવા ઝેરી જીવજંતુની દાઢ વધતી હોય છે. એટલે જેરી જીવજંતુમાં ઝેરનું પ્રમાણ વધતુ હોવાથી સર્પ જેવા પ્રાણીઓ આશ્લેશા નક્ષત્રમાં વધુ જોવા મળતા હોય છે. ઉઘાડ પછી વરસાદ જ્યાં માફકસરનો વરસાદ થયો હોય છે તેવા વિસ્તારોમાં વરસાદનું પાણી સારૂ ગણાતુ ન હોવા છતાં પણ ભેજ રાખતા હોવાથી ઉભા કૃષિ પાક માટે સારૂ રહે.

ઉઘાડ પછી સમયાંતરે થતો વરસાદ સારો ગણાય છે. વળી એક માસમાં હવાના સાનુકૂળ દબાણ બે જેવા થાય તો ચોમાસુ સારૂ રહે.


**ટુંકી મુદતની નિવિદા**

જિલ્લા રમત ગમત અધિકારી ગાંધીનગર શહેર અને ગ્રામ્ય દ્વારા સને ૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન યોજાનાર વિવિધ ખેલકૂદ સ્પર્ધાઓ / સાંસ્કૃતિક કાર્યક્રમો / શિબિરો તેમજ આ કચેરી દ્વારા આયોજન થનારા અન્ય કાર્યક્રમોમાં ફોટોગ્રાફી / વિડીયોગ્રાફી / પ્રિન્ટીંગ / સ્ટેશનરી / વાહન વ્યવહાર / એમ્બ્રોડરી કરી કેસ્ટ વગેરે કામોમાં રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેના ટેન્ડર ફોર્મ અને શરતો જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૫માં રજાના દિવસો સિવાય આ કચેરીના સમય દરમિયાન મેળવી બંધ કવરમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, બ્લોક નં. ૧૯૦/૨, જી-૧, સેક્ટર-૩૦, ગાંધીનગરને સાંજે ૧૮.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ.

તા. ૨૮/૭/૨૦૧૫

સહી/ અવાચ્ય
નયન થોરાત
જિલ્લા રમત ગમત અધિકારી, ગાંધીનગર

માહિતી/૧૦૨૩/૧૫-૧૬



SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ










ગાંધીનગર સમાચાર

Advertisement Tariff
[ Effective from : August 1, 2015 ]

Inside Page
Rs. 80.00 per col. cms.

Last Page
Rs. 100.00 per col. cms.

First Page
Rs. 120.00 per col. cms.

Besnu - Shraddhanjali - Prarthana Sabha
Rs. 50.00 per col. cms.

Tachukdi
Rs. 250.00 fix (Size - 5 cms x 4 cms)
(Every Sunday)

No extra charges for color advertisement

684/1, Sector-8, Gandhinagar-382 008. Gujarat.
e-mail : gsamacharadvt@gmail.com